## બીજા રાઉન્ડ માટેની અગત્યની સૂચનાઓ

### પ્રથમ રાઉન્ડમાં જેઓએ ટોકન ફી ભરેલ છે તેઓએ ફરી ટોકન ફી ભરવાની રહેતી નથી

- **પ્રથમ ચોઈસ પર કોલેજમાં એડમિશન મળેલ છે, તેઓ માટે અગત્યની સૂચના**

➢ **બીજા રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓને તેમની પ્રથમ ચોઈસની કોલેજમાં એડમિશન મળેલ છે. તેમણે જરૂરી ટોકન ફી (વિદ્યાર્થીઓ માટે રૂ.૮૨૦૦/- અને વિદ્યાર્થિનીઓ માટે રૂ.૩૨૦૦) તા.૧૨/૦૮/૨૦૨૬ થી તા.૧૬/૦૮/૨૦૨૬ સુધીમાં ઓનલાઈન ભરી તા. ૧૨/૦૮/૨૦૨૬ થી તા.૧૭/૦૮/૨૦૨૬ (જાહેર રજા તા. ૧૫ અને ૧૬/૦૮/૨૦૨૬ સિવાયના દિવસે) સુધીમાં સાંજે ૦૫.૩૦ કલાક સુધી પ્રવેશ મળેલ કોલેજ ખાતે ફરજીયાત હાજર થઈ જવાનું રહેશે. પ્રથમ રાઉન્ડમાં જેઓએ ટોકન ફી ભરેલ છે તેઓએ ફરી ટોકન ફી ભરવાની રહેતી નથી. કોલેજ ખાતે હાજર થતી વખતે તમામ ઓરિજનલ સર્ટિફિકેટ તથા બે સેટ ઝેરોક્ષ સાથે રાખવા તેમજ બાકીની ફી રૂ ૫૫૦૦/- ડીપોઝીટ રૂબરૂ પ્રવેશ મળેલ કોલેજ ખાતે ભરવાની રહેશે. સમય મર્યાદામાં કોલેજ ખાતે હાજર નહીં થનાર ઉમેદવારોનો પ્રવેશ રદ્દ ગણવામાં આવશે અને પછીના રાઉન્ડમાં મેરીટ લિસ્ટમાંથી કમી થઈ જશે જેની સર્વે વિદ્યાર્થીઓએ નોંધ લેવી.**

- **પ્રથમ ચોઈસ સિવાયની અન્ય ચોઈસ પર કોલેજમાં એડમિશન મળેલ છે, તેઓ માટે અગત્યની સૂચના**

➢ **બીજા રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓને તેમની પ્રથમ ચોઈસ સિવાયની અન્ય ચોઈસ પર કોલેજમાં એડમિશન મળેલ છે. અને જેઓને આગળના રાઉન્ડમાં ભાગ લેવો હોય તેમણે ફક્ત ટોકન ફી (વિદ્યાર્થીઓ માટે રૂ.૮૨૦૦/- અને વિદ્યાર્થિનીઓ માટે રૂ.૩૨૦૦/-) તા.૧૨/૦૮/૨૦૨૬ થી તા.૧૬/૦૮/૨૦૨૬ સુધીમાં ઓનલાઈન ભરવાની રહેશે. પ્રથમ રાઉન્ડમાં જેઓએ ટોકન ફી ભરેલ છે તેઓએ ફરી ટોકન ફી ભરવાની રહેતી નથી. તેમજ પ્રવેશ મળેલ કોલેજ ખાતે હાજર થવાનું રહેશે નહીં. સમય મર્યાદામાં ટોકન ફી નહીં ભરનાર ઉમેદવારોનું નામ પછીના રાઉન્ડમાં મેરીટ લિસ્ટમાંથી કમી થઈ જશે જેની સર્વે વિદ્યાર્થીઓએ નોંધ લેવી.**

➢ **અન્ય ચોઈસ પર પ્રવેશ મળેલ વિદ્યાર્થીઓ પ્રવેશ મળેલ કોલેજમાં એડમિશન લેવા માંગતા હોય, તો જ તેઓએ કોલેજ ખાતે તા.૧૨/૦૮/૨૦૨૬ થી તા.૧૭/૦૮/૨૦૨૬ (જાહેર રજા તા. ૧૫ અને ૧૬/૦૮/૨૦૨૬ સિવાયના દિવસે) સુધીમાં હાજર થવાનું રહેશે. કોલેજ ખાતે હાજર થતી વખતે તમામ ઓરિજનલ સર્ટિફિકેટ તથા બે સેટ ઝેરોક્ષ સાથે રાખવા તેમજ બાકીની ફી રૂ ૫૫૦૦/- ડીપોઝીટ રૂબરૂ પ્રવેશ મળેલ કોલેજ ખાતે ભરવાની રહેશે.**

- **બીજા રાઉન્ડમાં પ્રવેશ મળતો નથી, તેઓ માટે અગત્યની સૂચના**

➢ **જે વિદ્યાર્થીને બીજા રાઉન્ડમાં પ્રવેશ મળતો નથી તેમણે કોઈપણ પ્રકારની ફી ભરવાની રહેશે નહીં અને તેઓએ ત્રીજા રાઉન્ડના એલોટમેન્ટ માટે રેગ્યુલર વેબસાઈટ જોતાં રહેવાનું રહેશે.**